# નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી, લિ.,નવસારી.

## અસાધારણ સભાની નોટીસ

મંડળીના સર્વે સભાસદ ભાઈ–બહેનોને જણાવવાનું કે મંડળીની અસાધારણ સભા **તા. ૧૫/૦૭/૨૦૨૨ ને શુક્રવારના રોજ બપોરે ૧૫–૦૦ કલાકે** ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીના (વર્ચ્યુઅલ) સેમિનાર હોલમાં નીચે જણાવેલ કાર્યસુચિ અન્વયે મળનાર છે. તો દરેક સભાસદ કર્મચારી ભાઈ–બહેનોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

## કાર્યસુચિ

૧. : સાધારણ સભાના પ્રમુખશ્રીની વરણી

૨. : સભાસદ ફરજીયાત બચતની રકમ ઉપર સને. ૨૦૨૨–૨૩થી વ્યાજ દરમાં ૭% માં ૧%નો વધારો કરી ૮% કરવા બાબત

૩. : સભાસદોના શેર ભંડોર વધારવા માટે રૂા. ૩૦૦૦ (૧શેર/૧૦૦= ૩૦)માં રૂા. ૨૦૦૦ (૧શેર/૧૦૦= ૨૦)નો વધારો કરી રૂા. ૫૦૦૦(૧શેર/૧૦૦= ૫૦) કરવા બાબત

૪. : મંડળીના સ્થાપક ડૉ. આર. આર. કસવાલા, પ્રમુખશ્રી અને ડૉ. વી. સી. રાજ, મંત્રીશ્રીનું સન્માન પત્ર આપી બહુમાન કરવા બાબત

૫. : તા. ૭/૬/૨૦૨૨ની સામાન્ય સભામાં ઠરાવ્યા અનુસાર સભાસદોને ભેટ આપવા બાબત.

૬. : પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થતા મુદ્દાઓ અંગે પરામર્શ

૭. : ઉપસ્થિત સભ્યો પૈકી ઈચ્છુક સભ્યોના પ્રતિભાવ

૮. પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન

Sd/-
(કૈલાશભાઈ ડી. ટંડેલ)
મંત્રી

નવસારી
તારીખ: ૫/૦૭/ ૨૦૨૨

**તા. ૭/૬/૨૦૨૨ની સામાન્ય સભામાં ઠરાવ્યા અનુસાર સભાસદોને ચાંદીનો સિક્કો ભેટ સ્વરૂપે આપવાનો થતો હોય સદર સભામાં ચાંદીના સિક્કાનું વિતરણ કરવામાં આવશે.જેમાં નીચે જણાવ્યા મુજબ મુદ્દાઓ ધ્યાને રાખવા વિનંતી છે.**

- નાણાંકિય વર્ષ તા. ૧/૪/૨૦૨૧ થી તા. ૩૧/૩/૨૦૨૨ના દરમ્યાન જે **સભાસદ કાર્યરત (ચાલુ)** હશે તેમને જ ભેટ મળવા પાત્ર રહેશે.
- ભેટની આઈટમનું વિતરણ **તા. ૧૫/૭/૨૦૨૨ થી તા. ૩૦/૭/૨૦૨૨** સુધી જ કરવામાં આવશે. ત્યારબાદ ભેટની આઈટમ આપવામાં આવશે નહી.
- ભેટની આઈટમ જાતે જ લેવાનો આગ્રહ રાખવો છતાં અનિવાર્ય સંજોગોમાં જો ભેટ બીજા પાસે મંગાવવાની હોય તો સભાસદનો ઓળખ પુરવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ (નકલ પર સહી કરવાની રહેશે.) અને સંમતી પત્ર સામેલ રાખવો ફરજીયાત છે. (સંમતી પત્રનો નમુનો નીચે જણાવેલ છે.)
- સબ સેન્ટરના સભાસદોએ એક સાથે બધા સભાસદની ભેટ મંગાવવી હોયતો યાદી બનાવી દરેક સભાસદની સહી લઈ અને સંમતિ પત્ર સાથે આપવાનું રહેશે.
- ભેટની આઈટમ ચાલુ દિવસોમાં **નવસારી કેમ્પસના** સભાસદોએ **શ્રી એમ. કે. મલેક, ખેતી નિરીક્ષક, જમીન વિજ્ઞાન** અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિધાલય, નવસારી પાસેથી લેવાની રહેશે. જયારે **સબ સેન્ટરના** સભાસદોએ **શ્રી કેયુર એસ. પટેલ, સી.કલાર્ક, કુલ સચિવશ્રીની** કચેરી નવસારી પાસેથી લેવાની રહેશે.

## ::સંમતિ પત્ર::

**હું શ્રી/ડા./શ્રીમતી ........................................................ હોદ્દો.......................**

**સભાસદ નં. ................ કચેરી ...................................................................**

**આથી સંમતિ આપુ છુ કે મારી ભેટની આઈટમ શ્રી .........................................**

**હોદ્દો................... કચેરી .............................................................. ને**

**આપશો તો મને મળ્યા બરોબર છે. આ સાથે મારા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ સામેલ છે.**

**સ્થળ:**

**તા. / /૨૦૨૨**

**સભાસદની સહી ........................**

**મોબાઈલ નંબર: ..........................**